અસહકારી અને આત્મભોગી

રંભા

રચનાર:

અક્રમ ગળા.

વીલે પારલે

સંવત ૧૯૭૯.—સને ૧૯૨૨.

કિમ્મત ૨ આના.

12-1-1923
I/1923
No. 70
૧૦૨૫૧

અર્પણ પત્રિકા

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઇટ સંગ્રહ
૧૦૨૫૧

લઘુ

ગ્રંથ

વહાલાં

વાંચકોને

પ્રેમથી

અર્પણ

કરૂં

છું.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૦૨૫૧ वर्गांक

पुस्तकनुं नाम રાજમહેલોના રંગો

विषय ૬- :૩

અસહકારી અને આત્મભોગી રંભા.

આપણી વાર્તાનું સ્થળ તરીકે થાણા જીલ્લાના એક ગામડાને પસંદ કરેલું છે તથા પ્રસંગનું કાર્ય એક રાષ્ટ્રીય મહોત્સવ પુરૂં પાડે છે. આ મહોત્સવ બીજા ઉત્સવોની માફક એક વરસે આવતો નથી, પરંતુ દરેક મહિને આવે છે તથા હજુ તદ્દન બચપણમંજ છે એટલે કે તેનો જન્મ થયાને હજુ પુરૂં એક વર્ષ પણ થયું નથી, તેમ છતાં બીજા કોઈ પણ ઉત્સવ કરતાં તેને વધારે પવિત્રતા તથા ગંભીરતાથી ઉજવવામાં આવે છે. જે અભાગીયાં નર નારીઓને આ પ્રસંગની મહત્તાની ખબર હોતી નથી તેઓજ માત્ર આ દિવસે આહાર કરે છે, બાકીના બધાં માણસો દિવસે અથવા રાત્રે બિલકુલ અન્નપ્રાશન કરતાં નથી. આ મહોત્સવ કયો હશે તથા કયા દેવ સાથે તે જોડાયેલો હશે? આજે ઓગષ્ટ માસની અઢારમી તારીખ છે તથા "ગાંધી ડે" નામનો મહોત્સવ છે તથા તેને ગાંધી ભગવાનની જેલ જવાના પહેલા દિવસ સાથે જોડવામાં આવ્યો છે. આ ગાંધી ભગવાન કયા દેવના અવતાર છે તે હજુ નક્કી થયું નથી, પણ એટલું તો માણસો કહે છે કે—

વિષ્ણુ ભગવાનનો કાંતો અવતાર એ, કાંતો જીસસ કે મહોમ્મદનો
કાંતો મહાવીર કાંતો મુસા એ ખરો, કાં ઝોરોસ્ટર, મહાદેવ કાંતો.

આ પ્રમાણે ઘણાઓનું માનવું છે તેમ છતાં અમુક અંશે મતભેદ તો રહે છેજ, પણ જેઓ ઉપર મુજબ એક મત છે તેઓ આ પ્રસંગને આખા વરસમાંના બીજા કોઇ પણ પ્રસંગ કરતાં વધારે પવિત્ર ગણે છે. આ મહોત્સવની ઉજવણી અર્થે નર નારીઓ સવારમાં સ્નાન કરી બહાર નીકળી પડ્યાં છે. જે ખાદીના કપડાં પહેરતાં પહેલાં શરમ થતી હતી તેજ ખાદીના પોશાકમાં બધાં સજ્જ થએલાં હતાં અને તેમાંજ * તથા માન સમજતાં હતાં. મહોત્સવમાં ભાગ લેવા

અમુક જાતનાંજ માણસો નીકળેલાં ન હતાં, પરંતુ જુદી જુદી જાતનાં સ્ત્રી–પુરૂષો, જેવાં કે રજપૂત, બ્રાહ્મણ, વાણીયા, ભાટીયા, લુહાણા, કાઠી, કોળી, સુતાર, લુહાર, કડીયા, હજામ, મેમણ, વહોરા, ખોજા, પારસી, યાહુદી, ક્રીશ્ચિયન, ઢેડ, ચમાર વગેરે હતાં. રાષ્ટ્રીય શાળામાં મેળાવડો કરવામાં આવવાનો હતો ત્યાં જવાને આ બધાં લોકો જતાં હતાં. આ પ્રમાણે હરખભેર માણસો ચાલ્યાં જતાં હતાં તેટલામાં એક રૂપવાન બ્રાહ્મણ–સ્ત્રીને પાછી આવતી તેઓએ જોઇ. ચકરી આવવાથી બેભાન સ્થિતિમાં આવી ગયેલી હોઇ તે એક ઓટલા ઉપર બેઠી અને કેટલાએક માણસો ઉભા રહી તેની સારવાર કરવા લાગ્યા. આ સ્ત્રીએ સુંદર રંગીન કપડાં પહેરેલાં હતાં. પોતાની કુદરતી સુંદર્યતામાં ઉમેરો કરવાને શરીર ઉપર થોડા એક દાગીના પણ ઘાલેલા હતા. આગળ ઉપર સ્ત્રી વર્ગમાં આગેવાની ભર્યો કેટલોક ભાગ ભજવી તે માન પામી હતી તેજ સ્ત્રી આજે કીર્તિની ટોચ ઉપરથી ઉતરી પડી અપકીર્તિના દબાણ નીચે જમીન દોસ્ત થઇ ગઇ હતી અને તેની બેહાલી તથા બેભાન સ્થિતિ તેજ કારણનું પરિણામ હતું. તે એવા ખ્યાલમાં હતી કે હજુ જમાનો પહેલાંના જેવોજ છે અને વિલાયતી રંગીન કપડાં તથા કિમ્મતિ દાગીનાથી બીજાં બૈરાંઓને પહેલાં આંજી દેતી હતી તેજ મુજબ આજે પણ તે કરી શકશે, પરંતુ પરિણામ તદ્દન ઉલટુંજ માલુમ પડયું. ખાદીના પોશાકમાં સજ્જ થયેલી ઢેડ તથા ચમારની સ્ત્રીઓને પણ બીજી જાતની સ્ત્રીઓ અસ્પર્શતાનો બાધ છોડી દઇ ઘણુંજ ભાવથી તથા માનથી પોતાની સાથે સામેલ કરેલી હતી, પણ આ રૂપવાન બ્રાહ્મણ સ્ત્રીએ વિલાયતી કપડાં પહેરેલાં હોવાથી કોઇએ તેની સામું પણ જોયું નહીં, અને જે કોઇ ઓળખાણવાળી સ્ત્રીઓએ તેની સામું જોયેલું તેઓએ પણ આ પવિત્ર દિવસે સવારમાં વિદેશી કપડાં પહેરેલી આને "ભાન" અપશુકન સમજી તુરતજ પોતાનાં મહોડાં ફેરવી લીધાં

ફેરવી દીધાં. આ પ્રમાણે થવાથી તેને માલુમ પડયું કે અગાઉના વખતમાં જેઓ જન્મથી ઢેડ હોય તેઓજ ઢેડ ગણાતાં હતાં તેવું હવે રહ્યું નથી, તથા જન્મથી ઢેડ હોય તેઓ જો ખાદી પહેરે તો તેઓને શુદ્ધ ગણી કોઇ પણ પવિત્ર કાર્યમાં સાથે સામેલ કરવામાં આવે છે, પણ જન્મથી બ્રાહ્મણ જે ઉંચી જાતનો દાવો કરતા હોયા છતાં પણ જો વિદેશી કપડ પહેરેલાં હોય તો તેની તરફ કોઇ માનની દૃષ્ટિથી જોતું નથી, તથા અગાઉના વખતમાં ઢેડનો સ્પર્શ થવાથી માણસો પોતાને અશુદ્ધ થયેલાં સમજતાં હતાં તે બદલાઇ જઇ આજે તો વિદેશી કપડાં પહેરનારનો સ્પર્શ થવાથી પોતાને અશુદ્ધ થયેલાં સમજે છે. આવો અનુભવ મળ્યાથી પોતાના અનુમાનના સચ્ચાઇની ખાત્રી કરવાને તેણે બીજી સ્ત્રીઓને પૂછતાં તેને માલુમ પડયું કે તેણે બાંધેલું અનુમાન સાચું હતું. આમ થવાથી તેના મનને બહુજ લાગી આવ્યું તથા વિદેશી પોશાકમાં જતાં શરમ આવવાથી તે પાછી ફરી હતી, પણ રસ્તામાં પોતાની લાગણી ઉશ્કેરાઇ જતાં બેભાન સ્થિતિમાં આવી જવાથી તે પેલા ઓટલા ઉપર બેસી ગઇ હતી. તેને ભાન આવતાં સારવાર કરવા વાળા માંહેના એકે પુછયું કે "કેમ રંભા બહેન, આમ શાથી થઇ આવ્યું?", એટલે રંભા બહેને નિખાલસ પણે બનેલી વાતનું વૃત્તાંત કહી સંભળાવતાં કેટલાએક માણસો જેઓએ વિદેશી કપડાં ધાલેલાં હતાં તેઓ ચમકી ગયા. રંભા બહેનની વાતના પરિણામ તરીકે તેઓ માંહે બીજી વાતચિત ચાલુ થઇ જે માંહેની થોડી આંહી આપીએ છીએ.

પ્રાણુલાલ—કેમ ભાઇદાસભાઇ, તમે તો ખાદીજ પહેરો છો કે? વિલાયતી માલની હોળી કીધી છે કે ટ્રંકામાં સંતાડી રાખ્યાં છે? વેપાર ખાદીનો કરો છો કે હજુ મીલના માલનોજ વેપાર ચાલુ છે? તમારા જેવા આગેવાન માણસે સારો [illegible] હશે.

ભાઈદાસ—ચુનીલાલભાઈ, હું ઉપયોગ તો ખાદીનોજ કરૂં છું, પરંતુ વિદેશી કપડાં બાળી નાંખ્યાં નથી તથા હવે વિદેશી કપડાં વસાવીશ તો નહીંજ. જુઓને આપણા ગોકુળદાસ, વિઠ્ઠલદાસ, પ્રભુદાસ, પુરૂષોત્તમદાસ, ગોકુળભાઈ, મોહનલાલ, છોટાલાલ, એમાંના બધા જો કે ખાદીનાં કપડાં પહેરે છે તોપણ કોઈએ વિલાયતી કપડાં બાળી નાખ્યાં નથી; પણ એટલી તો ખાત્રી રાખજો કે હવે કોઈ એ માલનો ઉપયોગ કરવાના નથી. બીજું વેપાર તો હજુ મીલના માલનો ચાલુ છે કારણ કે ખાદીનો વેપાર તેટલી કમાઈ આપી શકે તેમ નથી.

ચુનીલાલ—ભાઈદાસભાઈ! વિલાયતી કપડાંનો ઉપયોગજ કોઈ વખત કરવો ન હોય તો પછી તે સાચવી રાખવાથી ફાયદો શો છે? તમારા જેવા ધનાઢ્ય માણસો એમ કરશે તો પછી ગરીબ માણસો શું નહીં કરે?

ખાદીના વેપારને કેળવો તો આસ્તે આસ્તે તે મીલના માલ જેટલી કમાઈ ન આપે શું?

વળી ભાઈદાસભાઈ, જે લોકોનાં તમે નામ ગણાવ્યાં તે બધા આગેવાન માણસો છે. બોલવામાં મોટા છે ખરા, પણ કાર્યમાં ખરેખર છોટા હશે તો તેની બીજા ઉપર સારી અસરને બદલે અચૂક બુરી અસર કરશે તે ખાસ લક્ષમાં રાખશો. રંભા બહેનને તો તેમણે વિલાયતી કપડાં પહેરેલાં હોવાથી અપમાન સહન કરવું પડ્યું, પણ તમારે તો ખાદીનાં કપડાં પહેરેલાં હોવા છતાં કોઈપણ જાતના માનથી વેગળા રહેવું પડશે તે ભુલતા નહીં, બલ્કે અપમાન પણ સહન કરી લેવું પડશે. બોલે તે પ્રમાણે પૂર્ણ રીતે વર્તે તેજ સજ્જન કહેવાય.

ભાઈદાસ—ચુનીલાલભાઈ બસ કરો. તમે તમારી પોતાની [illegible] બાળી રમતાં પહેલાં શીખો. [illegible] તમારી કપડાંની [illegible]

[illegible]

જોઈ લ્યો. વળી આ ખાદીના કોટમાં વિલાયતી બટન શાને ખાલ્યાં છે તથા કપડાં સંચાથી શા સારૂ શીવડાવ્યાં છે? જુઓ, આ પ્રાણુલાલભાઈનું પણ તેમજ છે. તેઓ ખાદીનાં કપડાં પહેરે છે, પણ શિયાળામાં તથા ચોમાસામાં ગરમ તથા વૉટરપ્રૂફ ઓવરકોટ તો તેમને જોઈએજ. બીજા કેટલાક વિલાયતી માલનો ઉપયોગ પણ તેમણે ચાલુજ રાખ્યો છે. બીજાના દોષ તપાસવા એતો ઘણીજ સહેલી વાત છે, પરંતુ હું તેમ કરવા ઇચ્છતો નથી. મારે પોતાને વાસ્તે વળી હું વચનથી બંધાઉં છું કે થોડા વખતમાં હું મીલનો માલ ખરીદવો તથા વેચવો બંધ કરીશ. '

ચુનીલાલ જવાબ આપવાને તૈયારજ હતા પણ તેટલામાં **"વંદે માતરમ્, વંદે માતરમ્,"** એમ ઉપરા ઉપરી અવાજો આવવાથી તેમની વાતમાં ભંગ પડયો. રંભા બહેન પણ ઉઠયાં. આરામ થવા ઉપરાંત તેમની ભાવનાઓમાં એક પળની અંદર ચમત્કારિક ફેરફાર થઇ ગયો. જે કામ ડાક્ટરની દવા કરી ન શકે તે કામ તેની ફેરવાઇ ગયેલી ભાવાનાઓએ કરી બતાવી તેનું મન સ્ફુરતામાં આણ્યું. પોતાની સારવાર કરનારાઓનો ખરા દીલથી આભાર માની તેઓ પોતાના ઘર તરફ ચાલતાં થયાં. ફરી વખત નજીકથીજ **"વંદે માતરમ્"**ના અવાજો કાને પહોંચ્યા. ગામના નિવાસીઓ તથા અભ્યાસીઓનું સરઘસ શાળા તરફ જવાને નીકળ્યું હતું તે પણ નજીક આવી પહોંચ્યું. મોઢા આગળ વૉલનટીયરો રાષ્ટ્રીય ગીત બોલતા બોલતા ચાલતા હતા. તે ગીત પુરૂં થતાં તેઓ ઉભા રહ્યા તથા ફરી વખત **"વંદે માતરમ્"**ની જય ઘોષણા કીધી. વૉલનટીયરો ઘણીજ મોટી સંખ્યામાં હતા તથા સરખી રીતે ગોઠવાઇને લશ્કરી ઢબ પ્રમાણે ચાલતા હતા. બે કદાવર યુવકો તેઓના નાયક બન્યા હતા, તથા સ્વરાજ વાવટાને હાથમાં ધરી તેઓ બધાની મોઢા આગળ ચાલતા હતા. આ સ્વરાજ વાવટો [illegible] જેવો ન્હાનો ન હતો પણ આખા રસ્[illegible]

પહોળાઇ રોકી રાખતો હતો. પહોળાઇમાં પણ એક માણસની લંબાઇ કરતાં વધારે હતો. પહોળાઇની બન્ને બાજુઓ વાંસની મોટી લાકડીઓ સાથે સીવી લીધેલી હતી. લાકડીઓના નીચલા ભાગને હાથમાં ઝાલી વોલનટીયરોના પેલા બે નાયકો ઘણીજ ગંભીરતાથી ચાલતા હતા. સ્વરાજ વાવટામાં રેંટીયાના ચિત્ર ઉપરાંત બીજાં ઘણાંએક ચિત્રો પાડેલાં હતાં. એક બાજુ અમૃતસરની પ્રખ્યાત થયેલી જલીઆનવાલા બાગનું ચિત્ર હતું; તે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે વર્ણન કરીએ તો કોમળ દીલના વાંચકનું હૃદય ચીરાઇ જાય, વાસ્તે તેટલું લખવું બાકી રાખીશું. એજ ચિત્રની ઉપર જલીઆનવાલા બાગના ભોગોના અમર આત્માઓ સ્વર્ગમાં બેસી આપણાં કાર્યો નિરખતાં હોય તેમ ભાસ આપનારૂં એક સુંદર ચિત્ર હતું. વચલા ભાગમાં એક મોટું બંદીખાનું તથા તેની અંદરના બંદીવાનો બારીઓમાંથી મોઢાં બહાર કાઢી, લોકો તેઓને કેવી રીતનો જવાબ વાળે છે તેનું આતુરતાથી નિરીક્ષણ કરતા હોય તેમ બતાવનારૂં ચિત્ર હતું. ગાંધી, શૌકત, લજપત, દાસ વગેરેનાં ચિત્રો ઓળખી શકાય તેવાંજ હતાં. બંદીખાનાના ચિત્ર ઉપર એક લંબ ચોરસ કિનારી કાઢેલી હતી અને તેની અંદર રેંટીયાનું એક સુંદર ચિત્ર પાડેલું હતું. છેક છેડાની બાજુએ જે ચિત્ર હતું તેમાં ખાદીનો પોષાક પહેરેલાં હજારો સ્ત્રી પુરૂષો બતાવેલાં હતાં. પહેલાં ત્રણ ચિત્રો પ્રેક્ષકોને જ્યારે ગમગીની, ઉદાસી તથા નિરાશામાં આણી મુકતાં હતાં ત્યારે છેલ્લું ચિત્ર ઉમંગ તથા આશા આપતું હતું. આ ચિત્ર જોવાથી આવી સરસ અસર થતી હતી તેમાં "વંદે માતરમ્"ની જયઘોષણાઓ તથા રાષ્ટ્રીય ગીત સંગીન પૂર્ણ કરતાં હતાં. વોલનટીયરોએ ઉભા રહી ઠમ્સર તથા ગંભીરતાથી રાષ્ટ્રીય ગીત ગાયું તેનો ઉતારો અહીં આપીએ છીએ.

રે ઉઠો ભાઇઓ આજ હવે જાગૃતિ ધરો
તમ દેશ દુઃખમાં વસે, નિશ્ચિંત શું ફરો ? રે ઉઠો
પંજાબ કેરો કેર કેમ દીલથી વિસરો ?
એ અમર આત્માઓ રે ઉત્તર માગે આકરો. રે ઉઠો
નેતાઓ દેશના તમારા જેલમાં સડે
બિચારાં બાળ તેહનાં, ઘરમાહીં તરફડે. રે ઉઠો
એ મહાત્માઓ માગે એક સરત સહેલી
વિદેશી માલ તજો, સજો ખાદી વહેલી. રે ઉઠો
રે નથી શરમ ખાદીમાં, ખાનદાની એ ખરી
તો ખાદી સજો ભાઇ, નહીં ફરજ આકરી. રે ઉઠો

વોલનટીયરોનું આ ગીત પુરૂં થવા બાદ "વંદે માતરમ્" ની જય ઘોષણા કરી સરઘસ આગળ ચાલ્યું. ચાલતાં ચાલતાં પણ તેઓ એ ગીત ગાતા હતા. થોડે આગળ ચાલી વળી ઉભા રહી ગાતા હતા એ પ્રમાણે કરતાં કરતાં તેઓ રાષ્ટ્રીય શાળાના મકાન આગળ આવી પહોંચ્યા. આજનો મેળાવડો બોલાવવાનો ઉદ્દેશ એવો નહીં હતો કે માણસોને ઉદાસી તથા શોકમાં રહેવાને કહેવું, પણ પોતાની ફરજ શું છે તે સમજી તે પ્રમાણે આનંદમાં રહી વર્તન કરવાને કહેવું, એજ મુખ્ય ઉદ્દેશ હતો. આ પ્રમાણે હોવાથી આજનો કાર્યક્રમ સાદો હતો. રમ્મત ગમ્મતો પણ થવાની હતી. નીચે જાજમ પાથરેલી હતી તેની ઉપર વિદ્યાર્થીઓ બેઠા. ખુરસીઓ તથા બાંકડાઓ ઉપર પ્રેક્ષકો બેઠા. સ્ટેજ ઉપર ખુરસીઓ ગોઠવી હતી તેમાં શાળાના કાર્યવાહકોએ તથા બીજા આગેવાન સજ્જનોએ બેઠકો લીધી. શાળાની અંદર બિનજરૂરી શણગાર કરવામાં આવ્યો ન હતો. દેશના નેતાઓના પીકચરવાળાં કેટલાંએક કેલંડરો તથા ખાદીના ત્રણ વાવટા, આટલી ચીજોથી શણગાર પૂર્ણ થતો હતો. ત્રણ વાવટામાંના એકમાં રેંટીઓ ચિતરેલો હતો. બીજામાં "વંદે માતરમ્" તથા ત્રીજામાં

"સ્વરાજ અમારો જન્મ હક છે" એ પ્રમાણે લખેલું હતું. પ્રમુખની ચુંટણી કરવાનો કાર્યવાહકો વિચાર કરતા હતા તેટલામાં મેળાવડાની અંદર એક કદાવર સ્ત્રીના પ્રવેશે બધાઓનું ધ્યાન ખેંચ્યું. તેણે શુદ્ધ ખાદીનો પોષાક પહેરેલો હતો. શરીર ઉપર કોઇ પણ જાતનો દાગીનો હતો નહીં. સફેદ ખાદી સોનાના દાગીના કરતાં પણ તેને વધારે પ્યારી હતી. દાગીના પહેરેલી સ્ત્રીઓ કરતાં તે ઘણીજ રૂપવાન દેખાતી હતી. સ્વર્ગની રંભાઓજ આવી રૂપવંતી હોય. તેનો દેખાવ ભવ્ય અને ગંભીર હતો, પણ તેની આંખોમાં પ્રેમનાં ઝરણુ વહેતાં માલુમ પડતાં હતાં. ભાગવદ્ ગીતાના ઉપદેશને અનુસરી તે પોતાનું કાર્ય, કોઇ પ્રકારનો બદલો મેળવવાને કરતી નહીં હતી, પણ કાર્યના નિર્મળ પ્રેમને લીધેજ કરતી હતી. આ દેવીનો મેળાવડાના મંડપમાં પ્રવેશ થતાંજ બધાં ઉભા થયાં. બીજાં બૈરાંઓ સાથે તેણે પોતાની બેઠક લીધી એટલે બધાં બેસી ગયાં. એક મહાન નરને આ સભાનું પ્રમુખસ્થાન આપવાનું પહેલેથી નક્કી થયું હતું, પણ તેજ દિવસે તેઓને તુરંગવાસી બનાવવામાં આવેલા હોવાથી બીજા કોઇની ચુંટણી કરવાની જરૂર પડી હતી. પેલી ભવ્ય મૂર્તિને વાસ્તે દરખાસ્ત થતાં તેઓએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું. અહો કુદરત! ત્હારી બલીહારી છે. થોડા વખત પહેલાં ઓટલા ઉપર બેઠાં બેઠાં રંભા બહેન આંખોમાંથી આંસુ પાડતાં હતાં અને હમણા તે એક મોટી સભાના પ્રમુખ બનીને બેઠાં છે. માણસો **સારી અથવા બુરી રીતભાત ગ્રહણ કરે તે મુજબ તેઓ ઉંચે નીચે ચઢી ઉતરી શકે છે.** હવે કાર્યક્રમ પ્રમાણે રંભા બહેને સભાનું કામ ચાલુ કીધું.

૧. સેક્રેટરીનો રીપોર્ટ.—પહેલાં સેક્રેટરીને શાળાને લગતો ટુંક અહેવાલ વાંચી જવાને આજ્ઞા કીધી એટલે તેઓએ એક બહુંજ લાંબુ લખાણ વાંચી સંભળાવ્યું. વાર્તાના લઘુ ગ્રંથમાં લંબાણ ભરેલું ભાષણ નીરસ માલુમ પડે. તેથી

આ ઠેકાણે તે લખીશું નહીં, પણ શાળાના એહવાલને અંતે અસહકારના શુભ પરિણામ તરીકે રાષ્ટ્રીયશાળાની ઉત્પતિ થઈ હતી તે બાબત તથા રાષ્ટ્રીય શિક્ષણની અગત્ય બાબત સેક્રેટરીએ લંબાણથી વિવેચન કરી સમજુતી આપી હતી તેની દરેક દરેક માણસ ઉપર સગીન અસર થઈ હતી તે તરફ વહાલા વાચકોનુ ધ્યાન ખેંચવામાં આવે છે.

૨. સત્કારગીત—સત્કારગીત ગાવાની આજ્ઞા થતા પાંચ બાળાઓએ આગળ આવી ગાયું.

સજ્જનો શોભા છો સારા, વધાવીશું પ્રેમથી
બ્હેની ચાલો સર્વે સાથે, પ્યાર ધરી નેમથી.
ખાદીના પોશાકમાંહી, દીસો રૂડા દેવ જો
ખાદી, ખાદી, ખાદી કરી, ખાદી રૂડી સેવજો.
દેવીઓ દીસો છો રૂડી, ખાદીના શણગારથી
ખાદીના પોષાક બ્હેની, સજજો હુલ્લાસથી.
મંડપમાં બીરાજ્યા જાણે, દેવ અને દેવીઓ
ગુણો જેના ગાય વહાલા, નાના નાના સ્નેહિઓ.
મંડપમાં પધારી પ્યારા, ભેદ ભલા ભણાવજો
સ્વર્ગની રંભા તમારી, શાખ ફરી સુણાવજો.

બાળાઓનુ આ ગીત સાંભળી શ્રોતાજનોને ઘણોજ આનંદ થયો નાટકશાળામાં આ રીતે ગવાયુ હોય તો ફરી વખત બોલાયા વિના રહેજ નહીં !

૩. સ્વરાજ્ય વૃક્ષ કવિત:—સ્વરાજ્ય વૃક્ષ બોલવાની રંભા બહેને આજ્ઞા કીધી એટલે એક છોકરાએ તે ઘણીજ છટાથી બોલી સંભળાવ્યું.

મોટા મોટા વીરો સહુ, લડાઈઓમાં લડયા બહુ
વર્ણન શું તેનું કહું, આપ કયાં અજાણ છો !
પ્રાણ અર્પી દેશ કાજ, લડાઈને જીતી આજ
જાણે લઈશું સ્વરાજ, લીધી મોટી લાણ જો.
વળી દ્રવ્ય ખાલી કીધ, ઘરવ્યાં વિદેશી ગીધ
દેશ દુખ સહે સીધ, કરજો પિછાણજો.
સ્વરાજ તો માગ્યું જ્યારે, ઉત્તર મળ્યોજ ત્યારે
સ્વરાજ પાકે ન ઝાડે, રોપ નહીં આણજો.
પણ એક મોટા નરે, શોધી શોધ ભારી અરે
સ્વરાજનું ઝાડ ખરે, કપાસ વખાણજો.
રેંટીઆ જો ઘર મહીં, કાપુસ કાંતેજ તહીં
સ્વરાજ લીયેજ સહી, રંભા નકી જાણજો.

૪. અસ્પર્શતા નિષેધ ગીતઃ—આ ગીત ઢેડ લોકોની પાંચ છોકરીઓએ હાવ ભાવ સાથે પૂર્ણ શ્રધ્ધાથી ગાયું.

અમને મોટું કીધું જેણે માન, તે નરને કોટી સાષ્ટાંગ પ્રણામ. ૨.
જાત હમારી ઢેડની, તો પણ માનવ જાત.
નરનારી અડકે નહીં, એ કયા ન્યાયની વાત ?
જેણે આવું દીધું રૂડું જ્ઞાન, તે નરને કોટી સાષ્ટાંગ પ્રણામ ૨.
દેવ તો હમે દેખ્યા ઘણા, એવો ન દીઠો એક
બધા દેવ અળગા રહે, પણ આનો ઓર વિવેક.
જેણે કીધું આ ભૂલનું ભાન, તે નરને કોટી સાષ્ટાંગ પ્રણામ. ૨.
જુઓ વળી જન પાપથી, પુણ્યશાળી પીડાય.
ગાંધીજીની શીખ તો, રંભા સમજી જાય.
એવા ગાંધીનું આપ્યું ગાન, તે નરને કોટી સાષ્ટાંગ પ્રણામ. ૨.

આ ગીતથી શ્રોતાજનોના મન ઉપર ઘણીજ ઉંડી અસર થઇ હતી, અને માલુમ પડયું હતું કે ઢેડ, ચમાર વગેરે લોકોને તક આપવામાં આવે તો તેઓ બીજી કોઇ પણ જાતના માણસની બરોબરી કરી શકે તેવા હોય છે.

૫. રાસડોઃ—રાસ રમવાને દસ બાળાઓએ આગળ આવી સરખા તાલ સુરથી, ફરતાં ફરતાં, રાસ રમી બતાવ્યો.

રાસ રમવાને ઉઠો આજ, હરખ ઉર આણીરે
ધરે રામ રૂડા વનવાસ, વંન વખાણીરે. રાસ.
વળી વીરલા વહાલા સંધાત, તુરંગો શોભાવેરે
એ તો પ્રેમે બન્યા બંદીવાન, ન દીલ દુભાવેરે. રાસ.
જુઓ જગમાં ધર્મિષ્ટો પીડાય, પાપી મોજ મહાણેરે
પણ ધરમિના રાસ રમાય, કો પાપી ન જાણેરે. રાસ.
વીરે સત્ય અને ધર્મને કાજ, સહુ સુખ ત્યાગ્યાં રે
વીરને ફરજો બજાવાને કષ્ટ, વ્હાલાં લાગ્યાંરે. રાસ.
માગી લીધું પણ વીરલે વચન, ખાદી તો ધરજોરે
ખાદી સજી વિદેશી વસ્ત્ર ઝટ પરહરજોરે. રાસ.
ઝીલ્યો બોલ છે ધરી ઉમંગ, ઉમંગે ટેકાવોરે
ખાદી વસ્ત્રો ગ્રહી નરનાર, લ્યો ખાદીનો લાવોરે. રાસ.
આત્મભોગી બનજો સહુ વીર પ્રેમે હિત્ત જાણીરે
બ્હેની ફરજ ઠસાવજો શીર, ઉરે પ્રેમ આણીરે. રાસ.
અમે ગાઇશું ગાનો પવિત્ર, રાસો રમીશું રે
રંભાએ શીખવેલી શીખ, સુખેથી સજીશુંરે. રાસ.

૬. ભાષણોઃ—રંભા બહેને ભાષણ કરવાની છુટ આપી એટલે એક પછી એક કેટલાક વકતાઓએ અસરકારક ભાષણો કીધાં જેનો પુરો એહવાલ આહીં નહીં આપતાં આપણે તેનો સાર કહીશું, કારણકે બધાનું કહેવું જુદાજુદા શબ્દોમાં હોવા છતાં અંતે એકજ ભાવાર્થ ઉપર આવતું હતું. અગત્યની ઘણીએક બાબતોમાં ત્રણ બાબતો સરખી રીતે લાગુ પડતી હતી. પહેલું એ કે ખાદીનો ઉપયોગ ફરજ

મેળવવાનો સહેલામાં સહેલો રસ્તો માલુમ પડેલો હોવાથી દરેકે દરેક નર નારીએ ખાદીનો ઉપયોગ પ્રેમથી કરવો તથા હાથે કાપુસ કાંતીને સુતર બનાવવું. બીજી બાબત એ કે બાળકોને રાષ્ટ્રીય શિક્ષણ આપવું અને ત્રીજી એ હતી કે ગમે તે જોખમે દેશ પ્રત્યેની ફરજ બજાવવી. આ પ્રમાણે ભાષણોનો અંત આવ્યો અને હવે ફક્ત છોકરાઓની રમતો થવી બાકી રહી હતી. તેની શરૂઆત કરવાની તઇયારી થાય છે, તેટલામાં "પ્રમુખ સાહેબ, મારે ભાષણ કરવાની ઇચ્છા છે, તો મહેરબાની કરી મને બોલવા દેશો ?" એવો મોટેથી અવાજ આવ્યો. નિયમ પ્રમાણે હવે કોઈને ભાષણ કરવા દઇ શકાય તેમ હતું નહીં પણ આ કોઇ જાણીતો અવાજ જણાયાથી તથા આવા પુણ્યશાળી દિવસે કોઇને નાસીપાસ થવા દેવો નહીં એવા ઉચ્ચ હેતુને લઈ પ્રમુખ સાહેબે બોલવાની રજા આપી, એટલે એક ઘણાજ કદાવર મહાદેવ ભાષણ કરવાને ઉભા થયા. ચહેરે મ્હોરે સ્વર્ગની રંભાને શોભાવે તેવા દેખાવડા, ગોરા વાનના તથા ઘણાજ મજબૂત બાંધાના હતા. કેટલાંએક વરસ થયાં મુંબઈમાં કામ કરતા હોવા છતાં તેઓ મુંબઇની મોજ મજાહથી એકદમ વેગળા રહી શકયા હતા. મોટે ભાગે એવું બને છે કે કાઠીયાવાડી લોકો પહેલ વહેલાં મુંબઇ આવે છે ત્યારે તેઓને કાઠીયાવાડી ઢાટના પોષાકમાં જોવામાં આવે છે. ઘુટણ સુધી અથવા ઘુટણથી પણ નીચે સુધી શરીર ઢંકાય તેવું લાંબુ અંગરખું તેઓ પહેરે છે તથા માથે ફેંટો બાંધે છે. ખાવા પીવામાં તદ્દન સાદા હોય છે; ચા, કાફી વગેરે પીતા નથી; પણ થોડો વખત મુંબઇમાં રહ્યા બાદ તેઓ પોતાની રીતભાતમાં એક અજાયબી જેવો ફેરફાર કરી નાંખે છે. અંગરખાને બદલે કાશ્મીરનો લાંબ કોટ તથા ફેંટાને બદલે ઇટાલીયન અથવા હંગેરીયન કેપ પહેરે છે. ખાવા પીવામાં પણ ઘણુંજ મોંઘું જીવન ગુજારે છે. મોટે ભાગે આ પ્રમાણે હોવા છતાં આપણા મહાદેવ તેવાને તેવાજ રહેવા પામ્યા હતા. તેઓની

ખાદીનું સુંદર અંગરખું પહેરેલું હતું. માથે ખાદીનો ફેંટો બાંધેલો હતો, તથા ખભે ખાદીનો ખેસ નાંખેલો હતો. ધોતીયું પણ ખાદીનુંજ હતું. બળદેવના ઉભા થવાની સાથેજ બધાઓએ તેમને તાળીઓથી વધાવી લીધા, પણ કમનસીબે ભાષણ આપવામાં આ તેમની પહેલા વખતનીજ ઉમેદવારી હતી, તેથી શું બોલવું તે કાંઇ તેમને સુઝયું નહીં. બેઠા હતા ત્યારે શૂર ચહડી આવ્યું હતું, પણ ઉભા થયા એટલે પગ ધ્રૂજવા લાગ્યા અને ચઢેલું શૂર એક પળમાં પાછું ઉતરી ગયું. શરમની લાગણીએ ચહેરા ઉપર પરસેવાનાં બીંદુઓ આવ્યાં. ફરી વખત બોલવાનો પ્રયત્ન કીધો, પણ મનમાં ગોઠવેલી બાબત પાછી વીસરી ગયા. સદ્‌ભાગ્યે તેમણે એક કવિતા મોઢે કરેલી હતી તે આ વખતે તેમને યાદ આવી ગઇ એટલે તે બોલી બતાવવાનો નિશ્ચય કરી પોતાના ભાષણની શરૂઆત કીધી, જે તેમણે કરેલા પ્રયત્નના માનની ખાતર પૂર્ણ રીતે લખીએ છીએ. બળીરાજ બોલ્યા:- "બહેનો અને ભાઇઓ, ભગવદ્‌ગીતામાં ફરજને સર્વોત્તમ ગણી પ્રથમ સ્થાન આપેલું છે, માટે સૌ પોતપોતાની એક નિષ્ઠાથી ફરજ બજાવો. શ્રી કેશવ ભગવાને અર્જુનને કહ્યું છે કે:—

હે સુણ અર્જુન, અજાણ્યું અજ્ઞાન તું,
ભાવથી ભેદ ભલા ભણી લે,
તત્ત્વજ્ઞાનજ તણી, શીખ સહેલી ઘણી,
કાર્ય કરનાર હું, તું નિમિત્ત.
માટે હે માનવી, કાર્ય તારૂં ગણી,
કાર્ય કર કાર્યના પ્રેમથી તો
નહીં કરે ભાવથી, કરીશ અભાવથી,
કાર્ય નિમિત્ત તો, તુંજ રે છો.
સારૂં નરસું વળી સમજરે માનવી,
કામ કરે ભાવથી મૈ તજી દો.
સારૂં નરસું સમજનાર હું એકલો,
કામ કર કાર્યની પૂર્ણ પ્રીતે

અળગો અભિમાનથી, કાર્ય કરતો રહે,
ફળ તણી વાસના છેક મેલી,
ફળ વળી કાર્ય પોતા તણું તો કરે,
ભકતોના ભગતની શીખ સહેલી.

વાસ્તે ફળની કે પરિણામની દરકાર કર્યા સિવાય સજજનો ફરજ બજાવો એટલે પ્રભુ રીઝશે."

આ ભાષણથી બધા ખુશ ખુશ થઇ ગયાં અને થોડા વખત પહેલાં જે મહાદેવનું શરીર કાંપતું હતું તેજ મહાદેવની આંખોમાં આનંદના ઝરણ વહેતાં માલુમ પડયાં. બધાઓએ તેમને હર્ષના નાદથી માન આપ્યું અને રંભા બહેને હસીને તેમની સામું જોયું એટલે તેમણે કીધેલા પ્રયાસથી પોતાનાં પત્ની ઘણાંજ ખુશી થયાં છે એમ જાણી પૂર્ણ આનંદ અને નમ્રતાથી ગુરૂદેવે પોતાની બેઠક લીધી.

૭. રમ્મતો:—વહાલાં બાળકો ! તમારે બતાવવાની રમ્મતો સૌથી છેલ્લી રાખેલી હોવાથી તમે અધીરાં બની ગયાં હશો, પણ હવે વિલંબ થશે નહીં. લાંબા વખત સુધી તમોએ શાન્તિથી સાંભળ્યા કીધું, તેના બદલામાં તમોને ખાવાને મીઠાઇ મળશે તથા ભણવાને સ્લેટ, પેન તથા પુસ્તક મળશે.

રમ્મતોમાં ભાગ લેનારાઓના કદ તથા ઉમ્મર પ્રમાણે પહેલેથી ટુકડીઓ નકકી કરવામાં આવી હતી તે મુજબ ગોઠવાઇને તેઓ પોત પોતાની ટુકડીમા ઉભા રહ્યાં. પ્રેક્ષકો પણ મંડપમાંથી બહાર આવી જોવાને તઇયાર થઇ રહ્યાં. કેટલાકો બેઠાં અને કેટલાકો લાઇનબંધ ઉભા રહ્યાં. જ્યારે છોકરીઓની ફકત બેજ ટુકડીઓ હતી ત્યારે છોકરાઓની ત્રણ ટુકડીઓ પાડવામાં આવી હતી. ૭ થી દસ વરસની ઉમરના છોકરાઓ ઘણા હતા. અગીયારથી પંદર વરસની સંખ્યા તેથી ઓછી હતી, પણ સોળથી વીસ વરસની ટુક-ડીમાં તો ફકત સાતજ છોકરા હતા. વિવિધ પ્રકારની રમ્મતો

એટલી બધી અને એવી સરસ કરી બતાવવામાં આવી કે તેનું યથાર્થ વર્ણન કરવાને ઘણાંજ પાનાં લખવાં જોઇએ, પણ દરેક દરેક બાબતનું પૂર્ણ વર્ણન કરવુંજ જોઇએ, એવો આ લઘુ ગ્રંથમાં આપણો હેતુ નહીં હોવાથી, જે બીનાઓએ પ્રેક્ષકોનું ખાસ ધ્યાન ખેંચ્યું તેટલીનોજ માત્ર આ ઠેકાણે પુરો એહવાલ આપીશું. મોટી ઉમ્મરની છોકરીઓની ટુકડીમાં એક સાધારણ કદની આશરે પંદર વરસની વયની બાળા ઉભી હતી. દેખાવમાં નમણી અને વાને ઘઉં વર્ણી હતી. સત્કાર ગીત ગાતી વખતે પોતાના મધુર કંઠથી તથા રાસડો રમતી વખતે મધુર કંઠની સાથે છટાદાર હરફરથી તે શ્રોતાજનોની પ્રશંસા પામી હતી. અંગ કસરત તથા રમ્મત ગમ્મત ઉપર કાયમ લક્ષ આપતી હોવાથી તે શરીરે તન્દુરસ્ત હતી. માયાળુ હોવાથી બીજી છોકરીઓ તેને બહુજ ચાહતી હતી પોતાની બેહેનપણીઓની સાથે દોડવાની સરતમાં ભાગ લેવાને તે મધ્યમાં ઉભી હતી. દોડવાને ઇશારો થતાંજ બધી છોકરીઓ ઝડપથી દોડી પણ આપણાં વહાલાં બહેન તો ધીમે ધીમે દોડયાં અને ઘણાંજ પછાત પડી ગયાં. પંદર છોકરીઓમાં આ ગુણવંતીને છેલ્લી જોઇ પ્રેક્ષકોના મન ઉપર દયાની લાગણી ઉત્પન્ન થવા લાગી, પણ બન્યું એવું કે ઝડપથી દોડનારી છોકરીઓ જલદીથી થાકી ગઇ અને અડધે રસ્તેજ અટકી પડી. જે છોકરીઓ ધીમે ધીમે દોડતી હતી તેઓએ દોડયાજ કીધું અને વધારે અજાયબી જેવું તો એ બન્યું કે પેલી છેલ્લી છોકરીને પ્રેક્ષકોએ સૌથી પહેલી પહોંચતાં જોઇ. **જે લોકો ધીમેથી પણ ખાત્રીથી કામ કરે છે તેઓ ઉતાવળા માણસો કરતાં પરિણામે વધારે યશવાન નીવડે છે.**

છોકરાઓ ઘણું ઘણી જાતની રમ્મતો રમ્યા; પરંતુ આપણે તેમાંની એકનુંજ પૂરતું વર્ણન કરીશું. પેલા સાત છોકરાની ટુકડીમાં એક વીસ વરસનો પહેલવાન [illegible] ઉભો હતો

તેના આખા શરીર ઉપર સ્નાયુઓની હિલચાલ ખુલ્લી રીતે નજરે પડતી હતી. શરીર સરખા ઘાટનું અને વાને ઘઉં વર્ણું હતું. દોડવાની તથા કૅકવાની રમ્મતો થઈ તેમાં તે સૌથી પહેલો આવ્યો હતો, અને કુસ્તી લડયા તેમાં પણ તેણે તેના સોબતિને હંફાવી દીધો. આવું પરિણામ આવવા છતાં કોઈ નવાઈ પામ્યું નહીં, પરંતુ પાછાત પડેલા તથા હારેલાઓ ઉપર બધાઓની દીલસોજીની લાગણી થવાં લાગી, જેને પરિણામે એક છુપો અવાજ સંભળાયો કે "કુસ્તી સરખે સરખાની નથી, એક સાથે આ માંહેના કોઇ પણ બેને તમારે હરાવવા જોઇએ." આ સરત તેણે એકદમ ઉઠાવી બેને બદલે કોઈ પણ ત્રણને પોતાની સામા આવવા કહ્યું. ત્રણ જણાઓ આવ્યા એટલે તેણે એકકને પછાડવાનો પ્રયત્ન કીધો નહીં, પણ ત્રણેને એક સાથે પહેલાં પોતાના શરીરને કબજામાં લેવા દીધું. એકે બે પગ પકડયા, બીજાએ બે હાથ ઝાલ્યા અને ત્રીજાએ કંમર કબજામાં લીધી. પછી બેઉ પક્ષો સામ સામું જોર અજમાવવા લાગ્યા. કુસ્તી જોવા જેવી જામી, પણ ઝાઝો વખત તે જોવા મળી નહીં. જે છોકરે હાથ પકડેલા હતા તેને ખેંચીને એક આંટીની સાથે જમીન દોસ્ત કીધો. પછી પગ પકડી રાખનારને પણ તેવીજ રીતે ટટકાવ્યો એટલે કંમર ઝાલનાર એકલો થઇ પડયો, પણ જેમ હોશિયાર માણસો ભયની વખતે નાસી જતા નથી, પોતાનો પ્રયાસ બિન અજમાયશે છોડી દેતા નથી, પ્રતિપક્ષ જીતે તેમાં પોતાને વાસ્તે નામોશી નહીં સમજતાં જીતનારનું માન સમજે છે, તેમ આ જુવાને બિન ધડકે એક નમુનેદાર ટક્કર ઝીલી. તેના બે સોબતિઓ પણ મદદમાં આવી પહોંચ્યા. આ વખતે આપણા મિત્રે મદદમાં આવનારને હંફાવવાનો પ્રયત્ન કીધો નહીં પણ પોતાના બરાબરીઆ સાથેજ [illegible] જમાવી. તેનો જમણો હાથ [illegible] પકડી પોતાના [illegible] [illegible]

પડયો. તે ઉઠીને પાછો આવ્યો કે તુરતજ બેઉ જણાએ એક બીજાની ગરદન ઉપર પંજાની તડાતડી ચલાવી, અને ફરી વખત એક જોવા જોગ કુસ્તી જામી હોત, પણ "બસ કરો, બસ કરો" કરી બૂમો પાડતો શાળાનો સિપાઇ દોડી આવ્યો અને જણાવ્યું કે કુસ્તી આગળ ચલાવવાની પ્રમુખ સાહેબ મના કરે છે. આ ફરમાન પ્રમાણે કુસ્તી બંધ થઇ પણ ત્રણે છોકરાઓએ ઘણાજ માનની દ્રષ્ટીથી આ પહેલવાન છોકરાનો જીતનાર તરીકે સ્વીકાર કીધો. **વીર્યવાન, કસરતી તથા તન્દુરસ્તીની સંભાળ રાખનાર માણસ, તન્દુરસ્તીના નિયમોથી અળગા રહેનારા સંખ્યાબંધ માણસોને પુગી વળી શકે છે.**

બધાં છોકરાંઓને ઇનામ વહેંચવામાં આવ્યાં પણ બે ઇનામો અપાતી વખતે ઉપરા ઉપરી હર્ષના તથા કદરદાનીના પોકારો થયા. પેલી ધીમેથી કામ કરનાર છોકરીને ખાદીની એક સુંદર સાડી મળી અને પેલા પહેલવાન છોકરાને ખાદીનો એક સુંદર ખેસ તથા સોનાનો ચાંદ મળ્યો. બધા બહુ ખુશ થયા અને રંભા બહેને પોતાનું ભાષણ કરતાં ઇચ્છયું કે હીંદુસ્થાન એવાં રત્નો ઉત્પન્ન કરે તો દેશની વાસ્તવિક સ્થિતિમાં એક મોટો ફેરફાર થઇ જવા પામે. રંભા બહેનનું ભાષણ પૂરું થયા બાદ "**વંદે માતરમ્**" ના પોકારો વચ્ચે સભા વિસર્જન થઇ હતી.

સભામાં હાજર થયેલાં સ્ત્રી પુરૂષો તથા બાળકો સૌ પોતપોતાનાં ઘર તરફ રવાના થયાં, પણ થોડા વખતમાં પછવાડેથી ઘણાંજ મોટા અવાજે "સંભાળો, સંભાળો" એમ ઉપરા ઉપરી અવાજો આવવા લાગ્યા, અને પછવાડે જુએ છે તો એક મોટા ડાલીયા જેવડા જંગલી જનાવરને ઘણીજ [illegible] દોડી આવતાં જોયું. માણસોની નાસાનાસ થઇ રહી, [illegible] નહીં નાસી શકનારમાં

ફક્ત એ ચાર બાળાઓજ હતી જેમાંની એક, ખાદીની સાડીનું ઇનામ લેનારી હતી. પોતાને ગંભીર સ્થિતિમાં આવી પડેલી જોઇ તેઓ બિચારીઓ ગાભરી બની ગઇ, અને પેલા પહેલવાન નરને તેઓનું રક્ષણ કરવા આવવાને એક પળની પણ વાર થઇ હોત તો પરિણામ ઘણુંજ ગંભીર આવત. આ જંગલી હેવાને "ખાઉં, ખાઉં," કરતું આવી આપણી બાળાઓ ઉપર છલંગ મારી કે તરતજ તેની છાતીમાં એક સખ્ત ઘુંસતો પડયો. બીજી છલંગ પોતાને ઘુંસતો મારનાર ઉપર આવી, પણ તેજ ક્ષણે તે હેવાનના ઝડબા ઉપર મુષ્ટિકાનો એક જબ્બર સોટો પડયો. ત્રીજા ધસારાને અંતે બેઉ પક્ષ વચ્ચે ખરી કસોટી કાઢનારી એક લડાઇ થઇ. બેઉએ પ્રતિપક્ષને પોતાની બાથમાં સપડાવ્યો અને આપણો મિત્ર થોડી ઘણી ઇજા પણ પામ્યો, પણ છેવટે પોતાનો હરીફ હલી ચલી પણ શકે નહીં એટલે સુધી તેને પોતાના કબજામાં લઇ શકયો. આ વખતે તેણે મારનો મારો ચલાવ્યો હોત તો તે આ જનાવરનો જીવ લઇ શકત, પરંતુ તેમ નહીં કરતાં પોતાના કેદી તરીકે તેને રાખવામાં સંતોષ માન્યો. આ જંગલી હેવાન પણ પોતાના જીતનારની કદર કરતો હોય તેમ દેખાવા લાગ્યો. પોતાના ક્રૂર સ્વભાવને વીસરી જઇ પોતાનું માથું તેના ઉમદા દુશ્મનના હાથમાં ઠેરવી તે એક ગરીબ પાળેલા નિમકહલાલ કુતરાની માફક ઉભો રહ્યો. **ઉમદી અને માયાળુ વર્તણુંક દુશ્મનને પણ મિત્ર બનાવી શકે છે.** ધન્ય છે આવા શૂરવીરને કે જેણે બાળાઓનું રક્ષણ કરવા ખાતર પોતાના જાનને ગંભીરમાં ગંભીર સ્થિતિમાં મેલ્યો.

આ જુવાન છોકરે પોતાનો જાન જોખમમાં નાખી બાળાઓને બચાવી તે કોઇ જાતના સ્વાર્થને ખાતર નહીં હતું પણ ફક્ત વહાલી ફરજ અદા કરવાની ખાતર હતું. **પરોપકારી કામો છુપાવ્યાથી પણ છુપાં રહી શકતાં નથી.** આ ગઢી

ગયાં, અને પોતાની પુત્રીનો જીવ બચાવનારનો આભાર માન્યો. બીજી રીતે યોગ્ય બદલો વાળી શકાય તેવી સ્થિતિમાં નહીં હોવાથી પોતાની પુત્રીને તેની સાથે લગ્નમાં આપવાનો ઠરાવ કીધો. **ગુણવંતી સ્ત્રી કરતાં બીજું કયું ઇનામ વધારે મુલ્યવાન હોઇ શકે?** આ બાળાને પણ તેના સદ્‌ગુણનો બદલો મલ્યો છે એમ કહીયે તો ચાલે. **શૂરવીર અને ગુણવાન કંથ કરતા કઈ વધારે સારી બક્ષીસ કોઇ પણ સ્ત્રી ઇચ્છી શકે ?**

શુભ મુહુર્ત જોવરાવી લગનનો દિવસ નક્કી કીધો હતો તે આવી પહોંચ્યો. લગ્ન ખાદીના કપડામાં થવાનાં છે એ વાતની બધાને ખબર થવાથી એજ દિવસે બીજાં કેટલાંક લગ્ન થવાનાં હતાં તેઓએ પણ ખાદીનાં કપડાં તૈયાર કરાવ્યાં. વરઘોડાઓ નીકળવાની તૈયારીઓ થઇ, અને કોનો વરઘોડો પહેલો નીકળે છે તે જોવાને બધાં આતુર હતાં, પણ સૌએ મળીને નક્કી કીધું કે આ દૈવી જોડાંનોજ વરઘોડો પહેલો નીકળવો જોઇએ. વરઘોડો નીકળ્યો એટલે નરનારીઓ તેમને વધાવી લઈ આશીષ આપતાં હતાં. જુદા જુદા પ્રસંગે બૈરાંઓએ ઘણાંએક ગીતો ગાયાં હતાં જેમાંના કેટલાંએક તો સ્વદેશ સેવા બાબતનાંજ હતાં. વરઘોડો પાછો ઘેર આવ્યો એટલે ગુરૂજીએ વેદમંત્રથી પોતાના આશીર્વાદ શરૂ કીધા. વેદમંત્રો સંસ્કૃતમાં ભણતા હતા, પણ પાછા તેનો ગુજરાતીમાં અર્થ સમજાવતા જતા હતા અને ઇશ્વરની સાક્ષે કેવી અતિ પવિત્ર ગાંઠથી વર કન્યા જોડાય છે તેની પૂરતી સમજુતી આપતા હતા. એક તરફ ગુરૂજી મંત્ર ભણતા હતા ત્યારે બીજી બાજુએ બૈરાંઓ મંગળ ગીત ગાતાં હતાં, પણ ઋષીજીના મોટા અવાજ આગળ બૈરાંઓના ગીતનો અવાજ કાને પહોંચવા પામતો ન હતો. ઋષીજીનો આશીર્વાદ મંત્ર પૂરો થયો એટલે બૈરાંઓના સુંદર ગીતનો છેલ્લો ભાગ સંભળાયો જેનો ઉતારો અહીં આપીયે છીએ.

વીરા તમે રંગે રામ રૂપાળા રે
શોભે કોટે સુવર્ણની મંનુ માળા રે
વીરે સજ્યાં વસ્ત્રો ખાદીનાં શોભાળાં રે
શોભાવો છો જનકરાયની બાળા
ખાદીથી રૂડા દીપો સ્નેહાળા.

દેવી તમે રૂપમાં અધિક રૂપાળાં રે
શોભે કોટે સુવર્ણ તુલસી માળા રે
દેવી દીપો ખાદીનાં વસ્ત્રે શોભાળાં રે
રંભા શોભાવો છો કંથ ગુણાળા
ખાદીથી રૂડાં દીપો પ્રેમાળાં.

ગરૂજી લિજ્જતમાં આવી જવાથી તેઓએ પોતાની વેદ વાણી ફરી ચાલુ કીધી જેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

મણું મોતીનાં શોભાળાં
સજી લ્યો તુલસી માળા
વસ્ત્રો ખાદીનાં ક્ષેમાળાં
સજજો સ્નેહિ પ્રેમાળાં

લગન વિધિ સમાપ્ત.

આ સુખી જોડું આજે પૂર્ણ ખાદીમય રહી, તેમાંજ પોતાનું ખરૂં ગૌરવ રહેલું સમજી, આનંદથી સરળ જીવન ગુજારે છે અને બની શકે તેટલી દેશસેવા બજાવે છે. વળી જે ગાંધીજીનો ગરબો હાલ ગવાય છે તે આ ઉમંગી દેવીની કલમનું કામ છે એવી સાધારણ માન્યતા છે.

આ વાર્તા વાંચ્યા બાદ એક પુરૂષે પોતાની સ્ત્રીની શંકાનો કરેલો ખુલાસો :—

કંથની—વર કન્યાનાં નામ તો લખ્યાં નથી નિરધાર
કંથ—સમજુએ સુણ્યાં સહી તો પણ બબ્બે વાર
કંથની—કહોને વ્હાલા કંથજી ક્યાં છે એજ કહેલ
કંથ—તુલસીની વરમાળમાં મણું કંથની મેલ.
મણું કંથની મેલ મતિ રાખીને ઠામે
મણુમતિથીજ પિછાણિ લહે વર કન્યા નામે
કંથની—સમજી શાણા કંથ પિછાણિ મનુમતિને
તુલસી પ્રિયતમ તેહ શોભાવે શહાણ સતિને
ગાંધી ગરબો ગાય નિત્ય આ ચંપકમાળા
ગાંધી ગીતા અભ્યાસ કરે આ યશવંત બાળા
કંથ—યશવંત બાળા આમ બની પાત્રજ આ ગ્રંથે
ખાદી વસ્ત્ર ગુણાળી જેને સમજી શાણા કંથે

સમાપ્ત.

આ પુસ્તક વિષે અભિપ્રાય :—પુસ્તક નાનું છે પણ ગુણમાં સર્વોત્તમ છે. પુસ્તક લખવાનો મૂળ ઉદ્દેશ એ હોય છે કે જમાનાની જરૂરીયાતીમાં ખામી હોય તેની પુરવણી કરવી. આ સિદ્ધાંત પુરે પુરો જળવાયો છે. “ખાદી પ્રચાર” એ હાલની ખાસ જરૂરીયાત છે, અને તે આ પુસ્તકમાં સભા રૂપે સર્વોત્તમ રીતે વિવરણ થઇ શકયો છે તે વાંચક વિચારી વાંચશે તો પાત્રો દ્વારા સહજ સમજી શકશે.

લી૦

ચુનીલાલ ?

મુંબઈ.

આ પુસ્તક ધી "ફોર્ટ પ્રીન્ટીંગ પ્રેસ" નં૦ ૧ પારસી બજાર સ્ટ્રીટ,
કોટ, મધ્યે હો૦ તે૦ અંકલેસરીઆએ છાપ્યું છે અને માણશંકર
કુબેર ત્રિવેદીએ વીલાપારલા મધ્યે પ્રગટ કર્યું છે.